નવગુજરાત ટાઈમ્સ તા. ૨-૧૧-૯૯ 2(8)

# સુરત મહાનગરપાલિકા

**મોજે ભેસ્તાન વિસ્તારની નગર રચના યોજના સુરત નં.૪૭ (ભેસ્તાન) તૈયાર કરવા બાબત.**

## અધિસૂચના

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૨૨ની પેટા કલમ (૧) અન્વયે રચાયેલ સુરત શહેરી વિકાસ સત્તામંડળે તેના તા. ૨૭-૧-૮૪નાં ઠરાવ નં. ૬૨૬(૧૦) થી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નગર રચના યોજનાઓ બનાવવા માટે એપ્રોપ્રીએટ ઓથોરીટીએ કરવી રહેતી કાર્યવાહી માટે સુરત મહાનગરપાલિકાને સત્તા આપેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડન્ટ એક્ટ નં.૨૭)ની કલમ-૪૧ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાનાં નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં. ૬૨/૯૯ તા. ૧૯-૧૦-૯૯થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૪૭માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી બતાવેલ ભેસ્તાન વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં.૪૭ (ભેસ્તાન) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફીસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત. કમિશનર

તા. ૨૯/૧૦/૯૯, સુરત મહાનગરપાલિકા.

ઠરાવ :-

મ્યુ. કમિશનરશ્રીનાં તા. ૧૧-૮-૯૯નાં પત્ર નં. સીપીસ/૮/૨૨ થી વિદિત થઈ, તેમાં જણાવેલ સઘળી માહિતી ધ્યાને લઈ, સમિતિની સભામાં હાજર રહેલા ટાઉન પ્લાનરશ્રી સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ સુરત મહાનગરપાલિકાની હદમાં સૂચિત મુસદ્દારૂપ નગર યોજના સુરત નં. ૪૭ (ભેસ્તાન) તૈયાર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ નકશામાં ગુલાબી ઘેરા રંગથી સળંગ રેખાથી બતાવેલ વિસ્તારમાં નગર રચના યોજના સુરત નં.૪૭ (ભેસ્તાન) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે સામેલ અધિસૂચન મંજુર કરવાનું તથા સદર અધિસૂચનનો બહોળો ફેલાવો કરવા બે સ્થાનિક દૈનિકપત્રોમાં એક-એક વખત પ્રસિધ્ધ કરવાનું અને ઈરાદો જાહેર કર્યા મુજબ તેને સરકારશ્રીનાં રાજપત્રમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ. કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે. ઠરાવ નં. ૬૨/૯૯ સર્વાનુમતે મંજુર

નં.પી.આર.ઓ./૩૨૭/૯૯-૨૦૦૦

તા. ૧-૧૧-૯૯

[illegible] તા. ૨-૧૧-૯૯

# સુરત મહાનગરપાલિકા

## મોજે ભેસ્તાન વિસ્તારની નગર રચના યોજના સુરત નં. ૪૭ (ભેસ્તાન) તૈયાર કરવા બાબત.

### અધિસૂચન

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૨૨ની પેટા કલમ (૧) અન્વયે રચાયેલ સુરત શહેરી વિકાસ સત્તામંડળે તેના તા: ૨૭-૧-૮૪ના ઠરાવ નં. ૬૨૬ (૧૦)થી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નગર રચના યોજનાઓ બનાવવા માટે એપ્રોપ્રીએટ ઓથોરીટીએ કરવી રહેતી કાર્યવાહી માટે સુરત મહાનગરપાલિકાને સત્તા આપેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડન્ટ એકટ નં. ૨૭)ની કલમ-૪૧ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાનાં નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં. ૬૨/૯૯ તા. ૧૬-૧૦-૯૯થી ઠરાવ્યા મુજબ નકશાં નં. ટીપીએસ/૪૭માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી બતાવેલ ભેસ્તાન વિસ્તારે માટે નગર રચના યોજના સુરત નં. ૪૭ (ભેસ્તાન) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફીસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

**સુરત.** **કમિશ્નર,**

**તા. ૨૦/૧૦/૯૯** **સુરત મહાનગરપાલિકા.**

**ઠરાવઃ -**

મ્યુ. કમિશ્નરશ્રીનાં તા. ૧૧-૮-૯૯ના પત્ર નં. સીસીસ/૮/૨ રથી વિદિત થઈ, તેમાં જણાવેલ સઘળી માહિતી ધ્યાને લઈ, સમિતિની સભામાં હાજર રહેલા ટાઉન પ્લાનરશ્રી સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ સુરત મહાનગરપાલિકાની હદમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૪૭ (ભેસ્તાન) તૈયાર કરવાં અંગે દરખાસ્ત સાથે સામેલ નકશામાં ગુલાબી ઘેરા રંગથી સળંગ રેખાથી બતાવેલ વિસ્તારમાં નગર રચના યોજના સુરત નં. ૪૭ (ભેસ્તાન) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧ (૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે સામેલ અધિસૂચન મંજુર કરવાનું તથા સદર અધિસૂચનનો બહોળો ફેલાવો કરવા બે સ્થાનિક દૈનિકપત્રોમાં એક-એક વખત પ્રસિધ્ધ કરવાનું અને ઈરાદો જાહેર કર્યા મુજબ તેને સરકારશ્રીના રાજપત્રમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં. ૬૨/૯૯ સર્વાનુમતે મંજુર.**

**ન.પી.આર.ઓ./૩૨૭/૯૯-૨૦૦૦**

**તા. ૧-૧૧-૯૯**